| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૭ / ૦૬ / ૨૦૨૫ |
| નોંધણી તારીખ | ૧૭ / ૦૬ / ૨૦૨૫ |
| ફેંસલ તારીખ | ૩૦ / ૦૩ / ૨૦૨૬ |
| સમયગાળો | વર્ષઃ માસઃ દિવસઃ |

સત્યમેવ જયતે

**જોટાણાના મે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ – જોટાણા.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રીમીનલ કેસ નંબર. | ► | ૧૧૩–૨૦૨૫ | આંક | ► | |

| ફરીયાદી. | | આરોપીઓ. |
|---|---|---|
| શ્રી. સરકાર. | વિરૂધ્ધ | (૧) ઠાકોર વિષ્ણુજી ભઈજીજી, ઉ.વ.૪૮<br>રહે–ખદલપુર,જોગણી માતાનું પરૂ તા.જોટાણા, જી.મહેસાણા |

| | | |
|---|---|---|
| ગુન્હો. | ⇨ | ઇ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪, તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫ મુજબનો... |

| | | |
|---|---|---|
| ફરીયાદ પક્ષ... તરફે. | વિ.એ.પી.પી.શ્રી. | આર.જી.રાવ |
| આરોપી પક્ષ... તરફે. | વિ.વકીલ શ્રી. | બી.એમ.ચાવડા |

**// ચુકાદો //**

(૧).. વર્તમાન આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા ૧૮૬૦, કલમ–૩૨૩, ૫૦૪, તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાઓનો આક્ષેપ છે.

(૨).. આ કામે ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૭/૦૬/૨૦૨૪ ના બપોરના આશરે કલાક ૧૪/૦૦ મોજે ખદલપુર ગામની સીમમાં આવેલ આંબાવાળા ખેતરમાં આ કામના ફરીયાદી તેમના ઢોર ચરાવતાં તે વખતે આ કામના તહોદાર પોતાના હાથમાં એક ધોકો લઈ આવી વાગે આ કામના ફરી.ને કહેવા લાગેલ કે મારા ખેતરમાં તમારા બે પાડા ગાલ્યા છે તેમ ગાળો બોલી તહો એકદમ ઉશ્કેરાઈ જઇ પોતાના

હાથમાંનો ધોકો આ કામના ફરીયાદીને બરડાના ભાગે માર મારી મે.જીલ્લા મે.જી.સા.શ્રી ના હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલો. આમ, આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની ૩૨૩, ૫૦૪, તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫ મુજબનો ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે.

(૩).. ઉપરોકત ગુનાની ફરિયાદના સંદર્ભમાં આ કામના આરોપીઓને સમન્સ કરતાં આરોપીઓ અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. આ કામના આરોપીઓને તેઓની સામેના ગુના અંગેની સમજ આપી તેમની સામે આંક–૦૩ થી જવાબ લેતા આરોપીઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરતા ફરીયાદ પક્ષના સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૪).. આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**// મૌખિક પુરાવો //**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી–રબારી રાયમલભાઈ લીલાભાઈની જુબાની | ૦૭ |
| ૨. | સાહેદ–રબારી ભાઈલાલભાઈ રાયમલજીની જુબાની | ૦૯ |

**// દસ્તાવેજી પુરાવો //**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૮ |
| ૨ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૧૦ |
| ૩ | મારક હથીયારનુ પંચનામુ | ૧૧ |
| ૪ | હથિયારબંધીનુ જાહેરનામું | ૧૨ |
| ૫ | મેડીકલ સર્ટીફીકેટ | ૧૪ |

(૫) ફરીયાદપક્ષે ત્યારબાદ વધુ પુરાવો આપવો નથી તે મતલબની આંક–૧૫ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે. ત્યારબાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૩૫૧ અન્વયે આરોપીઓનું વધારાનું નિવેદન લેવા જેટલો યોગ્ય પુરાવો ન હોય આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

(૬)..આ કામે સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રીની અને આરોપીઓ પક્ષે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવી.

(૭)..આ કામે કેસનો ન્યાયી નિર્ણય કરવા માટે નીચેના મુદ્દા મારી સમક્ષ ઉપસ્થિત થાય છે.

## // મુદ્દાઓ //

(૧).. શું ફરીયાદપક્ષ વાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, તા.૧૭/૦૬/૨૦૨૪ ના બપોરના આશરે કલાક ૧૪/૦૦ મોજે ખદલપુર ગામની સીમમાં આવેલ આંબાવાળા ખેતરમાં આ કામના ફરીયાદી તેમના ઢોર ચરાવતાં તે વખતે આ કામના તહોદાર પોતાના હાથમાં એક ધોકો લઈ આવી વાગે આ કામના ફરી.ને કહેવા લાગેલ કે મારા ખેતરમાં તમારા બે પાડા ગાલ્યા છે તેમ ગાળો બોલી તહો એકદમ ઉશ્કેરાઈ જઇ પોતાના હાથમાંનો ધોકો આ કામના ફરીયાદીને બરડાના ભાગે માર મારી મે.જીલ્લા મે.જી.સા.શ્રી ના હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલો. આમ, આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની **૩૨૩, ૫૦૪, તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

(૨). શું હુકમ?

(૮).. ઉપરોકત મુદ્દાના ન્યાયી નિર્ણયના જવાબ નીચે મુજબ થાય છે.

(૧). નકારમાં.

(૨). આખરી હુકમ મુજબ.

## // કારણો //

**મુદ્દા નં.૧–**

(૯)..ક્રિમીનલ જસ્ટીસ ડીલેવરી સિસ્ટમ મુજબ ફરીયાદપક્ષે આરોપી સામે મુકવામાં આવેલ તહોમત બીયોન્ડ રીઝનેબલ ડાઉટ યોગ્ય અને નિઃશંક પુરાવો રજુ કરીને પુરવાર કરવાનુ હોય છે. ટુંકમાં આરોપી દોષિત છે તેવો પુરતો અને વિશ્વસનીય પુરાવો રજુ કરીને ફરીયાદપક્ષે પુરવાર કરવાનુ હોય છે. આરોપી નિર્દોષ છે તેવુ આરોપીએ પુરવાર કરવાનુ હોતુ નથી. એમ કહી શકાય કે ફોજદારી મુકદ્દમામાં આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપીને દોષિત ન ઠરાવવામાં આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેવી ધારણા કરીને અદાલતે ચાલવાનું હોય છે અને નામદાર કોર્ટ દ્રારા બાંધવામાં આવેલ આ અનુમાનનું ખંડન ફરીયાદપક્ષે યોગ્ય, પુરતો ને વિશ્વસનીય પુરાવો રજુ કરીને કરવાનું હોય છે. ફરીયાદપક્ષના રજુ થયેલ પુરાવામાં એકાદ કડી પણ પુરવાર કરવાનુ ફરીયાદપક્ષ ચુકે તો તેવી સ્થિતિનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર થાય છે અને તે સંજોગોમાં આરોપી દોષમુકિત અગર બેનીફીટ ઓફ ડાઉટ મેળવવા હકકદાર થાય છે. "પુરાવાનું મુલ્યાંકન" શબ્દ ભારતીય પુરાવા અધિનિયમમાં કોઇ પણ સ્થાને વ્યાખ્યાયીત કરવામાં આવેલ નથી. "પુરાવાનું મુલ્યાંકન" ફકત અને ફકત ભારતીય પુરાવા અધિનીયમ કલમ–૩ માં દર્શાવેલ PROVE અને NOT PROVE શબ્દો ઉપર અવલંબે છે. કોઇ હકીકતનું અસ્તિત્વ સાબિત માનવુ કે બિનઅસ્તિત્વ સાબિત માનવુ તે મુલ્યાંકનનો વિષય છે. આ પૂર્વભુમિકા સંદર્ભે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાનુ મુલ્યાંકન કરી ફરીયાદપક્ષ આરોપી સામેના તહોમત કે તે પૈકીનું કોઇ પણ તહોમત નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે કે કેમ? તે અંગે નિર્ણય કરવાનો રહે છે.

(૧૦) ફરીયાદપક્ષે આરોપીઓ સામેના આક્ષેપ મુજબનો કેસ પુરવાર કરવા માટે આંક–૦૭ થી ફરિયાદી રબારી રાયમલભાઈ લીલાભાઈને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, આજથી એક વર્ષ આગાઉ હું મારી ભેસો લઈને ચરાવા માટે આંબાવાળા આટામાં ભીખાજી તલાજીના ખેતરમાં ભેસો ચરાવતો હતો અને ભેસો ચરાવતા ચરાવતા બપોરના ૨–૨–૩૦ વાગેનો સમય થઈ ગયેલો. મારી પાસે તે વખતે ૭–૮

ઢોર હતા અને ખેતરમાં ચરતા હતા અને બપોર ટીફીન જમ્યા પછી લીમડા છાયડે બેઠો હતો અને નિંદર આવી જતા આ ઢોર માંથી એક પાડુ બાજુના ખેતરના શેઢે પહોંચી ગયેલ તેથી ઠાકોર વિષ્ણુજી ભઈજીજી ભેડાણ બાબતે ઠપકો આપવા આવેલા ત્યારે સામાન્ય બોલાચાલી થયેલી બીજુ કાંઈ બનેલ નહીં તે લગતની મેં ફરીયાદ કરેલી જે ફરીયાદ રજુ મારી સહી હું ઓળખી બતાવું છું ફરીયાદ રજુ દાખલ આંક–૮ આપવામાં આવે છે આરોપીને જોએથી ઓળખુ છું આજ રોજ કોર્ટમાં હાજર છે તે જ છે.

ત્યારબાદ બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ કબુલ રાખતા જણાવેલ છે કે, બનાવ સમયે હું ખેતરમાં ઢોર ચરાવવા ગયેલા અને ભેંસ ભડકવાના કારણે હું પડી ગયેલો અને મને વાગેલુ તથા વિષ્ણુજીએ મને કોઈ પ્રકારની ઈજા કરેલ નથી.

(૧૧) ફરીયાદપક્ષે આરોપીઓ સામેના આક્ષેપ મુજબનો કેસ પુરવાર કરવા માટે આંક–૦૯ થી સાહેદ રબારી ભાઈલાલભાઈ રાયમલજીને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, આજથી એક વર્ષ આગાઉ મારા પિતા ભેસો લઈને ચરાવા માટે આંબાવાળા આટામાં ભીખાજી તલાજીના ખેતરમાં ભેસો ચરાવતો હતો અને ભેસો ચરાવતા ચરાવતા બપોરના ૨–૨–૩૦ વાગેનો સમય થઈ ગયેલો. મારી પાસે તે વખતે ૭–૮ ઢોર હતા અને ખેતરમાં ચરતા હતા અને મારા પિતા બપોર ટીફીન જમ્યા પછી લીમડા છાયડે હતા અને નિંદર આવી જતા આ ઢોર માંથી એક પાડુ બાજુના ખેતરના શેઢે પહોંચી ગયેલ તેથી ઠાકોર વિષ્ણુજી ભઈજીજી ભેડાણ બાબતે ઠપકો આપવા આવેલા ત્યારે સામાન્ય બોલાચાલી થયેલી બીજુ કાંઈ બનેલ નહીં તે લગતની મારા પિતાએ ફરીયાદ કરેલી અને તે બાબતે પોલીસે મારૂ નિવેદન લીધેલુ. આરોપીને જોએથી ઓળખુ છું આજ રોજ કોર્ટમાં હાજર છે તે જ છે.

ત્યારબાદ બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ કબુલ રાખતા જણાવેલ છે કે, બનાવ સમયે મારા પિતા ખેતરમાં ઢોર ચરાવવા ગયેલા અને ભેંસ ભડકવાના કારણે મારા પિતા પડી ગયેલા અને તેમને વાગેલુ તથા વિષ્ણુજીએ મારા પિતાને કોઈ પ્રકારની ઈજા કરેલ નથી.

**<u>પુરાવાનું મુલ્યાંકનઃ–</u>**

(૧૨)..આ સિવાય ફરીયાદપક્ષે કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. આ કામે પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો આંક–૦૭ થી ફરીયાદી રબારી રાયમલભાઈ લીલાભાઈ તથા આંક–૦૯ થી સાહેદ રબારી ભાઈલાલભાઈ રાયમલજીનાઓ ઉલટતપાસમાં જણાવેલ છે કે, બનાવ સમયે ખેતરમાં ઢોર ચરાવવા ગયેલા અને ભેંસ ભડકવાના કારણે પડી ગયેલા અને વાગેલુ તથા વિષ્ણુજીએ કોઈ પ્રકારની ઈજા કરેલ નથી. Hon'ble Apex Court has decided in the case of Satish Mehra Vs. Delhi Administartion, 1996 (3) Crimes 85 that w hen Judge is certain that there is no prospect of case ending in conviction, valuable time of Court Should not be wested for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date. આમ ઉપરોક્ત ચુકાદા ને ઘ્યાને લેતા, નામદાર સુપ્રિમકોર્ટે ના ચુકાદામાં પ્રતિપાદિત કરેલ સિઘ્ધાંત મુજબ જયારે મહત્વના સાહેદોએ ફરિયાદપક્ષને સમર્થન કરેલ ન હોય ત્યારે બાકીના સાહેદોને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરુરી નથી. આમ, હાલના આરોપીઓએ ફરીયાદીની ફરીયાદ મુજબ કોઇ કૃત્ય કરેલ હોય તેવી તમામ હકીકતોને ફરીયાદી તેમજ સાહેદે નકારી કાઢેલ છે. વધુમાં, આ કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ રાખવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ આરોપી દ્વારા કબૂલ કરવામાં આવ્યા હોવા છતાં, તે પુરાવાઓ આપમેળે આરોપીનો ગુનો સાબિત કરવા માટે પૂરતા નથી અને ફરીયાદપક્ષનો પુરાવો સાતત્યભર્યો અને વિશ્વાસજન્ય જણાતો નથી. સાથે સાથે ક્રિમીનલ જયુરીસપ્રુડન્સના સિઘ્ધાંતો મુજબ ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકારહિત પુરવાર કરવાનો હોય છે. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલત અને નામદાર વડી અદાલત અસંખ્ય ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ છે કે, ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકારહિત

પુરવાર કરવો જોઇએ. શંકા એ શંકા છે તે પુરાવાનુ સ્થાન લઇ શકે નહી. આમ, તમામ હકીકત ધ્યાને લેતાં આરોપીઓએ ફરીયાદીની ફરીયાદ મુજબનો ગુન્હો કરેલાની હકીકત ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. જેથી ઉપરોક્ત સમગ્ર ચર્ચા મુજબ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// આખરી હુકમ //**

- આરોપી નં.(૧)ઠાકોર વિષ્ણુજી ભઈજીજી, ઉ.વ.૪૮, રહે–ખદલપુર, જોગણી માતાનું પરૂ, તા.જોટાણા જી.મહેસાણા વાળાઓને ઇ.પી.કો. કલમ–૩૨૩, ૫૦૪, તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫ મુજબનોના શિક્ષાપાત્ર ગુન્હાઓમાંથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- આ કામે કબ્જે કરવામાં આવેલ બિનકિંમતી મુદ્દામાલનો અપિલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.
- હાલના કામે જો અપીલ થાય તો પ્રત્યેક આરોપીએ એપેલટ ઓથોરીટી સમક્ષ હાજર રહેવા ક્રિમીનલ પ્રોસિજર કોડની કલમ ૪૩૭(અ) મુજબ અપિલ સમય સુધીના રૂપિયા ૫૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા.

હુકમ આજરોજ તા.૩૦, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ– ૩૦ / ૦૩ / ૨૦૨૬
સ્થળઃ– જોટાણા.

(એસ.એસ.ભદૌરિયા)
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, જોટાણા.
(કોડ જી.જે.૦૧૬૯૧)